# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૪ તા.૨૫-૦૯-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ:-

વિષય:- રાજયની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિઝિટલ સુવિધાઓના માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનાર લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : SSA/MIS/2023/45330-400, તા. ૨૨-૦૯-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા. ૨૭-૦૯-૨૦૨૩ ના રોજ માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજયની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિઝિટલ સુવિધાઓના માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનાર લોકાર્પણ અને ખાતમૂહૂર્ત માટેનો કાર્યક્રમ છોટાઉદેપુર જિલ્લા ખાતે આયોજિત કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમનું BISAG - વંદે ગુજરાત ચેનલ ઉપરાંત સમગ્ર શિક્ષા - ગુજરાતની યુ ટ્યુબ ચેનલ "Gujarat e-Class"ના માધ્યમથી પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. જેની લીંક આ મુજબ છે. https://shorturl.at/wyCGK આ કાર્યક્રમનો પ્રારંભ તા.૨૭-૦૯-૨૦૨૩, બુધવારના રોજ બપોરે ૧૨.૧૫ કલાકે માન.વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવનાર છે. શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમુદાયના આગેવાનો અને મહાનુભાવો માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી શકે તે માટે તમારી શાળામાં યોગ્ય વ્યવસ્થા કરવા અને જે શાળાઓમાં સ્માર્ટ ક્લાસની સુવિધા છે ત્યાં વાલીઓ અને સ્થાનિક મહાનુભાવો સ્માર્ટ ક્લાસના ઉપયોગથી મોટી સ્ક્રિન પર પ્રસારણ નિહાળી શકે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમુદાયના આગેવાનો અને મહાનુભાવોની સંખ્યા અત્રેની કચેરીએથી આપવામાં આવનાર ફોર્મેટમાં સી.આર.સી.કો.ઓ.ને જણાવવાની રહેશે. કાર્યક્રમના ફોટોગ્રાફ ઝોન ઓફિસ મારફતે મુખ્ય ઓફિસ મોકલી આપવાના રહેશે.

તા. ૨૭-૦૯-૨૦૨૩ પહેલા સદર કાર્યક્રમના જીવંત પ્રસારણ નિહાળવા માટે તમારી શાળામાં જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

તા. ૨૫-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯ – ૨૯૬ ૪૩૧૩૩
Email : - ssa.misdata@gmail.com
**Toll Free No.1800-233-7965**

**ક્રમાંક :** SSA/MIS/૨૦૨૩/ ૪૫૩૩૦-૪૦૦ તા.૨૨/૦૯/૨૦૨૩

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ.તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત

**વિષયઃરાજયની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિજિટલ સુવિધાઓના માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનાર લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમના જીવંત પ્રસારણ બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આગામી તા.27.09.2023ના રોજ માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિજિટલ સુવિધાઓના લોકાર્પણ અને ખાતમૂહુર્ત માટેનો કાર્યક્રમ છોટાઉદેપુર જિલ્લા ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

સદર કાર્યક્રમનું BISAG – વંદે ગુજરાત ચેનલના માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સમુદાયના આગેવાનો અને મહાનુભાવો માન. વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા શાળા કક્ષાએ જરૂરી સૂચના અને આદેશ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે. જે શાળાઓમાં સ્માર્ટ ક્લાસની સુવિધા છે ત્યાં ગામ લોકો અને સ્થાનિક મહાનુભાવો સ્માર્ટ ક્લાસની ઉપયોગથી મોટી સ્ક્રીન પર પ્રસારણ નિહાળી શકે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આથી, તા. 27.09.2023 પહેલા સદર કાર્યક્રમના જીવંત પ્રસારણ નિહાળવા માટે શાળા કક્ષાએ જરૂરી સેટઅપની વ્યવસ્થાની ચકાસણી કરી લેવા માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

**આભાર સહ,**

~~આપનો વિશ્વાસુ,~~

સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર